# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/087 Dt. 04/08/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બરની લેડીઝ વીંગ દ્વારા મિશન સિંદુર થીમ પર ચિત્રકામ સ્પર્ધા યોજાઇ

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની લેડીઝ વીંગ દ્વારા રવિવાર, તા. ૩ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે અડાજણ વિસ્તારમાં જીવન વિકાસ ટ્રસ્ટ ખાતે મિશન સિંદુર થીમ પર ચિત્રકામ સ્પર્ધા યોજાઇ હતી, જેમાં બાળકો, વિદ્યાર્થીઓ અને મહિલાઓ મળી ૬૦ જણાએ ભાગ લીધો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, સ્ત્રી સમાનતા, સશક્તિકરણ અને સંસ્કારના સંદેશને શ્રેષ્ઠ રીતે અભિવ્યક્ત કરવાની કોશિષ આ સ્પર્ધા દ્વારા કરવામાં આવી હતી. બાળકો અને મહિલાઓમાં સર્જનાત્મકતા વિકસે તે માટે ચેમ્બરની લેડીઝ વીંગ આ પ્રકારની પ્રવૃત્તિઓ સતત આયોજિત કરતી રહેશે.

ચેમ્બરના લેડીઝ વીંગના ચેરપર્સન શ્રીમતી મયુરીબેન મેવાવાલાએ જણાવ્યું હતું કે, મિશન સિંદુર થીમ થકી અમે સમાજમાં સ્ત્રી સશક્તિકરણને સમર્થન આપી રહયા છે. બાળકો, વિદ્યાર્થીઓ અને મહિલાઓએ જે રીતે આ થીમને સમજીને સુંદર અને વિચારોથી ભરપૂર ચિત્રો તૈયાર કર્યા હતા તે જોઈને અમને ગર્વ થાય છે. આવા કાર્યક્રમો દ્વારા બાળકોમાં સમજશક્તિ અને સામાજિક દ્રષ્ટિકોણ બંને વિકસે છે.

આ સ્પર્ધામાં ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્‌ ખજાનચી સીએ મિતિષ મોદી, ચેમ્બરની લેડીઝ વીગના એડવાઇઝર શ્રીમતી રોમાબેન પટેલ તથા કમિટીના સભ્યો અને વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બરની લેડીઝ વીંગના વાઇસ ચેરપર્સન શ્રીમતી અલ્પાબેન મદ્રાસીએ સ્પર્ધામાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. જ્યારે લેડીઝ વીગના સભ્ય શ્રીમતી દક્ષાબેન મોદીએ જ્યુરી મેમ્બર્સના પરિચય આપ્યા હતા. આ સ્પર્ધામાં

શ્રી જય ગોહિલ અને શ્રી રાજીવ કાપડીએ જ્યુરી મેમ્બર તરીકે સેવા આપી હતી. વિજેતાઓને પ્રમાણપત્ર અને પુરસ્કાર અપાયા હતા. જ્યારે સ્પર્ધામાં ભાગ લેનાર તમામને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

૮ વર્ષથી નીચેની કેટેગરીમાં વિજેતા થયેલા બાળકોમાં પ્રવ્યા જૈન, આર્વિ મહેતા અને મિતાંશ સોથલીયાને પ્રમાણપત્ર અને પુરસ્કાર આપવામાં આવ્યા હતા. આ કેટેગરીમાં નાયરા ઝવેરી અને પ્રિયાને કોન્સોલેશન પ્રાઇઝ અપાયા હતા. ૮થી ૧૬ વર્ષની કેટેગરીમાં નંદની પ્રજાપતિ, અન્વેશા જૈન અને કશિશ બડગુજરને પ્રમાણપત્ર અને પુરસ્કાર આપવામાં આવ્યા હતા. ૧૬થી ૫૦ વર્ષની કેટેગરીમાં નિધી શર્મા, ત્રિશા મહેતા અને દિવ્યા સિંઘીને પ્રમાણપત્ર અને પુરસ્કાર આપવામાં આવ્યા હતા.